

# રામભક્ત



वर्ष : २०, - अंक संख्या : ३ - सलंग अंक : २१६
वि.सं. : २०८१ फाल्गुन - दिनांक : १०-०३-२०२५

## હોળીકા દહન

### ધુળેટી



શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ (રાજ્ય મંડળ)
સ્થાપના : તા.૭-૧-૧૯૭૯ ટ્રસ્ટ રજી.નં.એફ.૧૯૧ ભાવનગર
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા - ૩૬૪૫૧૫
E-mail : rambhakt.svkd@gmail.com • http://www.rambhaktsvkd.org

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાને કાયમી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત રૂા.૧૫,૧૧૧/- નું દાન(જુનાગઢ)



સ્વ.લીલાવંતીબેન જયસુખલાલ નિમ્બાર્ક

જુનાગઢ સ્થિત શ્રી જયસુખલાલ કાનદાસજી નિમ્બાર્ક ના ધર્મપત્નિ સ્વ.લીલાવંતીબેન જયસુખલાલ નિમ્બાર્કની કાયમી પૂણ્ય સ્મૃતિમાં શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલાની ચાલતી મિષ્ટભોજન તિથી યોજના અંતર્ગત સ્વર્ગસ્થની પૂણ્યતિથીના દિવસે પ્રતિવર્ષ મિષ્ટભોજન આપવા માટે સંસ્થાના દયાવિધી કાયમી નિભાવ ફંડ અંતર્ગત એક તિથીનું દાન રૂા.૧૫,૧૧૧/- પંદર હજાર એકસોને અગિયાર પુરા પ.ન. ૭૩૧૬.થી મળેલ છે.

**પૂણ્યતિથીઃ-મહાસુદ-૯ (નોમ)**

**:: હસ્તે ::**

જયસુખલાલ કાનદાસજી નિમ્બાર્ક (પતિ) જુનાગઢ
આશાબેન અમરદાસજી નિમાવત (પુત્રી જમાઈ) નીંગાળા-૧
નિતાબેન કિશોરભાઈ દેવમુરારી (પુત્રી જમાઈ) ભાવનગર
કંચનબેન કૌશિક કુમાર અગ્રાવત(પુત્રી જમાઈ) જેતપુર
પ્રેરણાઃ- અમરદાસબાપુ રણછોડદાસજી નિમાવત, ટ્રસ્ટી શ્રી રાજ્યમંડળ

નોધઃ- સ્વર્ગસ્થ લીલાવંતીબેનની કાયમી સ્મૃતિમાં જે તે સમયે બહેનના ભાઈ ચંદુબાપુ અગ્રાવત બાઢડા તરફથી રૂા.૨૧,૧૧૧નું બાધકામ અંતર્ગત સંસ્થાને દાન મળેલ તે સમયે તેઓની ફોટા પ્રતિમાં અને તક્તી છાત્રાલયના સાંસ્કૃતિક હોલમાં સ્મૃતિ રૂપે છે.

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને લૂણી પરિવારના આગણે શુભ લગ્ન પ્રસંગે છાત્રબાળાઓને મિષ્ટભોજન

**મહા સુદ - ૧૪ તા.૧૧/૦૨/૨૦૨૫ મંગળવાર**



ચિ.પ્રદિપભાઈ (પુત્ર)

સાવરકુંડલાના ફરસાણ મિઠાઈના વેપારી વડવાળા ફરસાણવાળા શ્રી માંડણભાઈ ગભાભાઈ લૂણી ના ઘરે **ચિ.પુત્ર પ્રદિપભાઈ** અને **ચિ.પુત્રી કુંદનબેન**ના શુભ લગ્ન પ્રસંગે તા.૧૧/૦૨/૨૦૨૫ મહા સુદ -૧૪ ને મંગળવારના રોજ મિઠાઈમાં કાજુકતરી અને ગાજરનો હલવો તેમના તરફથી મોકલાવવામાં આવેલ અને છાત્રાલયે ફરસાણમાં બટેટા વડા અને દાળ-ભાત, શાક, સંભારો, પાપડ વિગેરે તૈયાર કરી ભગવાનને અને બાપાને થાળ ધરી છાત્રબાળાઓને જમાડવામાં આવ્યા. સાથે સ્થાનિક ટ્રસ્ટી, સ્ટાફને પણ જમાડવામાં આવ્યા. માંડણભાઈ તરફથી પ્રસંગોચિત છાત્રબાળાઓને યાદ કરી અવાર નવાર જમાડવામા આવે છે. લૂણી પરિવારનો હૃદયથી આભાર. દાતા તરફથી રૂા.૩૦૨૧ પ.નં. થી જમા મળેલ છે.



ચિ.કુંદનબેન (પુત્રી)

## શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને શ્રી ભારતીબેન ભરભાઈ નિમાવત ગાંધીનગરનાં ૬૨માં જન્મદિને છાત્રબાળાઓને મિષ્ટભોજન દાન રૂા.૫૧૦૦



શ્રી ભારતીબેન ભરતભાઈ નિમાવત

**તા.૨૦/૦૨/૨૦૨૫**

ગાંધીનગર સ્થિત શ્રી હાર્દિકભાઈ ભરતભાઈ નિમાવત તેમજ ભરતભાઈ ઉમેદરાયભાઈ નિમાવત તરફથી શ્રી ભારતીબેન ભરતભાઈ નિમાવતનાં ૬૨માં જન્મદિને તા.૨૦/૦૨/૨૦૨૫ના રોજ તેઓની ટેલીફોનીક સુચના પ્રમાણે સાંજના મિષ્ટભોજનમાં કેસર શીંખડ પુરી, મિક્ષ ભજીયા ચટણી, ઉધીયું, દાળ-ભાત, પાપડ વગેરે તૈયાર કરી ભગવાનને અને બાપાને થાળ ધરી. સમુહમાં એક હનુમાન ચાલીસાનો પાઠ કરી સૌ છાત્રબાળાઓ સ્ટાફ સાથે ટ્રસ્ટી સહીત પ્રસાદ લીધો. ભરતભાઈ તરફથી ભોજન દાન રૂા.૫૧૦૦ પ.નં ૭૪૮૧ થી જમા મળેલ છે. આભાર તેઓના તરફથી પ્રતી વર્ષ આ રીતે ભારતીબેનનાં જન્મદિને છાત્રબાળાઓને જમાડવામાં આવે છે. આભાર...







સોસાયટી એક્ટ રજી નં. ગુજ/૨૪૨ ટ્રસ્ટ રજી. નં. એફ, ૧૯૧ ભાવનગર

પરમ પૂજ્ય શ્રી દયારામબાપા પ્રેરીત

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું

# રામભક્ત

માસિક મુખપત્ર


**માલિક**

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ
કન્યા છાત્રાલય – સાવરકુંડલા
જિ.અમરેલી (ગુજરાત) ૩૬૪૫૧૫

**તંત્રી/પ્રકાશક**

શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ
ટ્રસ્ટીશ્રી,ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ

**પ્રમુખશ્રી**

અરૂણભાઈ ડી.દેવમુરારી – સાવરકુંડલા
મો.૯૪૨૭૪૯૧૦૦૬

**મહામંત્રી**

મનીષભાઈ આઈ.પિપાવત – કારિયાણી
મો.૯૮૨૪૪૮૩૭૧૨

**પ્રકાશન સ્થળ**

રામભક્ત કાર્યાલય
શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય
સાવરકુંડલા – ૩૬૪૫૧૫

**મુદ્રક**

**હરિઃૐ ઓફસેટ** પાળિયાદ રોડ,બોટાદ ફોન : ૯૯૨૪૨ ૧૯૧૭

અધિક્ષકશ્રી : શ્રી ઘનશ્યામબાપુ (રાઘવ)-સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૭૦૩૭૩
સહતંત્રીશ્રી : શ્રી ભરતભાઇ જે. નિમાવત - વિસાવદર
મો.૯૯૭૮૨ ૩૧૩૫૧
સંપાદકશ્રી : શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ
મો.૯૪૨૬૨ ૨૮૦૯૮
સહસંપાદકશ્રી : શ્રી પ્રતાપભાઈ એલ.દેવમુરારી - બાબરા
મો.૯૪૦૯૩ ૩૨૧૬૫
વ્યવસ્થાપકશ્રી : શ્રી હિતેન્દ્રભાઈ એ.નિમ્બાર્ક - સાવરકુંડલા
મો.૯૪૨૬૯ ૯૯૭૧૮

**: પ્રચાર મંત્રીશ્રીઓ :**

મનહરભાઈ એન.દેવમુરારી - શિહોર મો.૯૯૨૫૯૩૭૫૧૫
રશ્મીનભાઈ સી.અગ્રાવત - સુરત મો.૯૦૯૯૮૪૬૨૦૮
સમીરભાઈ આઈ.લશ્કરી - ભાવનગર મો.૯૮૭૭૩૭૩૮૩૯

**: પેટા કાર્યાલય :**

- **શ્રી ભાનુપ્રસાદ ડી.રામાનુજ - બોટાદ**
  વિશ્રુપ્રેસ, એમ.ડી. સ્કૂલ સામે, અશોક વાટિકા સોસાયટી,
  પાળિયાદ રોડ, બોટાદ. મો.૯૯૭૪૦૫૩૬૫૩
- **શ્રી ડૉ.અશ્વિનભાઇ પી. રામાનુજ - પાલીતાણા**
  ૧૦, ગુ.હા.બોર્ડ કોલોની, ચિત્રકુટ, હવામહેલ રોડ,
  મું.પો.પાલીતાણા, જિ.ભાવનગર મો.૯૪૨૬૨૨૮૦૯૮
- **શ્રી અશોકભાઇ જે. રામાનુજ - સુરત**
  મુ.કામરેજ (સુરત) શ્રૃષ્ટી રેસીડેન્સી, બ્લોક નં.૧૬, મારૂતીનગરની બાજુમાં,
  કામરેજ ચાર રસ્તા, સુરત. મો.૯૪૦૮૫૨૮૭૪૭
- **શ્રી રઘુવીરભાઇ એમ. રામાનુજ - જોરાવરનગર**
  લાઇબ્રેરી પાસે, મું. જોરાવરનગર, જિ.સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨
  મો.૯૬૬૨૫૪૫૦૫૬
- **શ્રી ઘનશ્યામભાઈ આર.નિમાવત - મોરબી**
  ઋષભનગર ૩ પ્લોટ નં.૬૫,ચબુતરા પાસે,મોરબી
  મો.૯૯૨૫૫ ૬૫૮૫૬



**પત્ર વ્યવહારનું સરનામું :- રામભક્ત કાર્યાલય, શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય,
ઉતાવળા હનુમાનજીની જગ્યા પાસે, મહાકાળી ચોક, હાથસણી રોડ,
9409851251 મું.પો.સાવરકુંડલા. જી.અમરેલી - ૩૬૪૫૧૫. મો.નં. : ૬૩૫૩૮૯૦૧૯૬, ૦૨૮૪૫-૨૯૯૩૦૦**

E-mail : rambhakt.svkd@gmail.com


**લવાજમ દરો...**
ભારતમાં વાર્ષિક રૂા.૩૦૦/- મુદતી ૧૦ વર્ષ રૂા.૨૫૦૦/- છુટક કિંમત રૂા.૩૦/-
કુરીયર સેવા - ચાર્જ : સૌરાષ્ટ્ર / ગુજરાત : ૨૦૦/- વાર્ષિક
કુરીયર ચાર્જ : અન્ય રાજ્યમાં : ૩૦૦/- વાર્ષિક

**સંસ્થાને 80-G હેઠળ કરમુક્તી મળેલ છે.**
80G No. : AAFTS4033AF20224

## બેન્ક એકાઉન્ટમાં નાણા જમા કરાવવા બાબત

શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય અને **રામભક્ત** મુખપત્ર માટે લવાજમ ભેટ, તિથીદાન કે કોઈપણ પ્રકારની ભેટ મોકલવા માટે બેન્કનો ઓનલાઈન ઉપયોગ કરી કોઈપણ પ્રકારના ચાર્જ વગર આપના નાણા સીધ્ધા બેન્કમાં જમા કરાવવા માટે **એક્સીસ બેન્ક** અથવા **એસ.બી.આઇ. બેન્ક**ની કોઈપણ શાખામાં **શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ**ના નામે નીચેના ખાતા

| | | |
|---|---|---|
| ૧. એક્સીસ બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૯૧૮૦૧૦૦૪૦૮૬૬૩૩૫ | IFSC : UTIB0002649 |
| ૨. એસ.બી.આઇ. બેન્ક - સાવરકુંડલા | ખાતા નં. : ૬૬૦૧૫૯૩૫૦૮૫ | IFSC : SBIN0060013 |



ઉપકાર ભુલે તે મુર્ખ અને ઉપકાર ને કહી બતાવે તે મહામુર્ખ.

# તંત્રીની કલમે.....



## આત્મીય જ્ઞાતિબંધુ એવં વાચક વર્ગ.....
## નમસ્કાર સહ સૌને જય સિયારામ સાથ

**"હાલો હાલો કેસુડાના ફૂલ વિણવા ઓલ્યા ફાગણની મીઠી સુંગધ જીલવા"**

બાળકો શાળામાં આ બાલગીત ગાતા હોય એટલે ફાગણની ફોરમ યાદ આવે જ ! સાથે રંગોત્સવ રૂપે હોળી અને વસંત ઋતુંનું આગમન એટલે વસંતોત્સવ. રંગપંચમી જેવા અન્ય ઉત્સવો લઈને આવતો ફાગણ માસ યાદ આવે. પ્રથમ હોળીનો રંગોત્સવ આવે, રંગ અને લાગણીની અભિવ્યક્તિનું પર્વ ગણાય. રંગોની વાત આવી છે તો **બહુંવચનમાંથી એક વચનમાં આવી જવું જરૂરી છે.** એક રંગે જો રંગાઈ જવાય તો બેડો પાર થઈ જવાય. મીરા એક રંગે રંગાઈ ગઈ બસ **"મેરે તો ગીરધર ગોપાલ દુસરો ન કોઈ"** - નૃસિંહ મેહતા, ધ્રુવ, પ્રહલાદ, જાનાબાઈ, સતી તોરલ, તુકારામ, ગંગાસતી અરે આપણા ઈષ્ટ હનુમાનજી મહારાજ. આ બધાય એક રંગે રંગાઈ ગયા. અને આપણને શીખ આપતા ગયા કે, **"દોરંગા ભેગા નવ બેસીએ તેમા પત પોતાની જાય"** બસ એક જ શબ્દ વાણી અને વર્તન એક હોય તે એક રંગા !! અને આવા એક રંગોનો સંગ થઈ જાય તો જીવન સુધરી જાય. માટે જ કોના ભેગુ બેસવું તે પણ આવા ઉત્સવો શીખવે છે.

તો આવા એક રંગે રંગાઈ ગયેલા ભક્ત પ્રહલાદનો જ પ્રસંગ લઈએ તો ભક્ત પ્રહલાદજી પૂર્વના સંસ્કારથી નાનપણ થી જ ભગવાન વિષ્ણુના અનોન્ય ભક્ત રંગે રંગાઈ ગયા. પિતા હિરણ્યકશિપુ વિષ્ણુ ભગવાનના સખ્ત વિરૂધી હતા. જેથી તેને આ પસંદ નહી હોવાથી પુત્રને અનેક વખત ચેતવ્યો છતાં રંગ બદલ્યો નહીં, જેથી પિતા હિરણ્યકશિપુએ અનેક અત્યાચારો શરૂ કર્યા. છતાં સહન કરી ને પણ **સનાતન સત્યને વળગી રહ્યા,** છેવટે તેની ફોઈબા હોલીકા પણ મેદાનમાં આવી. તેને વરદાન હતું કે, અગ્નિ તેને બાળી શકે નહીં. જેથી કાષ્ટ વિગેરે મગાવી એક ચિત્તા જેવું બનાવી ભક્ત પ્રહલાદને ખોળામાં લઈને ચિત્તા ઉપર બેસી ગઈ અને અગ્નિ પ્રગટાવવામાં આવ્યો. અગ્નિ પ્રજ્વલિત થયો પણ કહેવત છે કે, **"જેને રામ રાખે તેને કોણ મારી શકે"** અંતે સનાતન સત્યનો વિજય થયો. આસુરી માયા અહીં કામ ન લાગી. જોરદાર પવન ફુંકાણો અને હોલીકાએ ઓઢેલી ચુંદડી ઉડીને પ્રહલાદ ઉપર આવી ગઈ, ભક્ત પ્રહલાદ બચી ગયો અને હોલીકા બળી મરી ! તો આ દિવસ એટલે ફાગણ સુદ પૂર્ણિમા.

હવે આ પ્રસંગ ચાલતો હતો તે વખતે સૌ તમાશો જોવા ઉભા હતાં. તેમાં જે જે પ્રહલાદજીના ચાહક અને ધર્મબુધ્ધિવાળા હતાં તે પ્રભુ ભજન કરવા લાગ્યા. જેથી ભગવાન સહાય કરે. જ્યારે આસુરી સ્વભાવના હતાં તે દેકારો કરવા લાગ્યા.(બેદલ વાળા આમજ કરે) પરિણામ ઉલ્ટુ આવવાથી, હારી જવાથી કાદવ -કીચડ અને માટી ઉછાળી અભદ્ર બોલવા લાગ્યા. તો હવે હરિભજન કરી ભગવાનને ફૂલ ચંદનના તિલક કરી પોતે તિલક કરી પ્રભુનું ભજન કરવું કે, પેલાની જેમ કાદવ-કીચડ જેવા પદાર્થોથી હોળી રમવી તે જાતે નક્કી કરવાનું છે. જોકે હમણાથી સૌ તિલક હોળી મનાવે છે જે સારી બાબત ગણાય. અને આમેય તિલકનું અતિ મહત્વ રહેલું છે. સૌ સનાતનીઓએ ખાસ જરૂરી તિલક કરવું જ જોઈએ. **તિલક આપણું રક્ષણ કરે છે. તે ભૂલવું ન જોઈએ.**

ખેર! મૂળવાત.છેવટે પ્રહલાદજીને મારવા માટે હિરણ્યકશિપુ પોતે ઉભો થયો, તેજ વખતે ભક્ત વત્સલ ભગવાન સિંહ રૂપે પ્રગટ થાય છે. હિરણ્યકશિપુને પછાડી નહોર વડે પેટ ફાડીને ગર્જના કરવા લાગ્યા ત્યારે શંકરજી, બ્રહમાજી અન્ય દેવો પ્રભુને શાંત પાડવા પ્રયાસ કર્યો પરંતુ શાંત નહીં થવાથી ભક્ત પ્રહલાદજીએ દંડવત પ્રણામ કરી સ્તુતિ કરવાથી શાંત થયા, અને બોલ્યા બેટા ! મને માફ કરજે મારે આવવામાં મોડુ થયું છે. જેથી તારે વધારે સહન કરવું પડ્યુ છે. બોલ તારી ઈચ્છા હોય તે બોલ ! પ્રહલાદજી કહે મહારાજ આપની ભક્તિ આપો અને આ મારા પાપી પિતાજીને મુક્તિ આપો. જેથી ભગવાને પ્રસન્ન થઈ વાત સ્વીકારી. **મતલબ હોલીકા જેવા ક્રુર, અત્યાચારીને પણ ભક્ત હૃદયના હોય તે માફ કરે છે. તે કદિ પણ બદલાની આશા રાખતાં નથી, કેમ કે તેને બીજાના હિતની જ ચિન્તા હોય છે. આવા સરળ સ્વભાવના કદિ પણ બદલાની અપેક્ષા રાખતા નથી. બસ તેને તો બીજાનું ભલુ કેમ થાય તે જ ઈચ્છે છે !!**

**તંત્રી...**



છુપાઈને કરેલુ પાપ જીવનભર કાંટાની જેમ સતત દુખ્યા કરે છે.



## સંત શિરોમણી બજરંગદાસ બાપાને કોટી-કોટી વંદન.

॥ બાપા સિતારામ ॥

॥ "ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાંતિ નિગચ્છતિ" ॥

તે જલદી ધર્માત્મા થાય છે અને કાયમ રહેનારી શાંતિને પામે છે... - ગીતા.

ઈષ્ટ ભરોસો
ગુરૂ ભક્તિ
બાપાના ચમત્કારે

વલસાડથી નીકળ્યા પછી જંગલમાં બનેલી એક ઘટનાનો ઉલ્લેખ ધાંગધ્રાના શ્રી. જી.એસ.જાડેજા સાહેબના પત્રમાંથી મળે છે શ્રી જાડેજા સાહેબે પાલિતાણા અને સાવરકુંડલામાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે તેમજ ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસના ચાર્જમાં રહી ભાવનગર જિલ્લામાં કામ કરેલ. એ દરમ્યાન તેઓ બાપાશ્રીના નિકટ પરિચયમાં આવેલ એટલું જ નહીં, બાપાએ પોતાના વિશેની કેટલીક વાતો પ્રસંગોપાત તેમને કરેલી. તેઓએ પોતાના લખાણમાં જણાવ્યું છે કે ;

એક દિવસ જમાત ગાઢ જંગલમાંથી પસાર થઈ રહી હતી ત્યારે બજરંગદાસ બાપુ "સીતારામ...! સીતારામ...!" નામનો જાપ જપતા એક બાવળના ઝાડ નીચે બેસી ગયા, અને ખાખી બાવાના મહંતના હાથી નિશાન ડંકા સાથે ગાઢ અને ભયંકર જંગલમાંથી આગળ ધપી રહ્યા હતા. તેવામાં રસ્તા વચ્ચે આઠથી નવ વાઘોનું ટોળુ ઊભેલું દેખાયું.હાથીને આગળ જવા માટે અન્ય કોઈ માર્ગ ન હતો. મહંતનો હાથી વાઘના ટોળાને જોઈને આગળ ચાલતો અટકી ગયો, ભડકવા લાગ્યો. જમાતના સાધુ-સંતો પણ ગભરાવા લાગ્યા, મહંત પરિસ્થિતિને પારખીને વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું ? મનોમન નિર્ણય કરીને રાડ પાડી બોલી ઊઠ્યા : "બજરંગદાસ કો બુલાઓ... બજરંગદાસ કો બુલાઓ..! બજરંગદાસ કહા હૈ ? જલદી બુલાઓ !" જો હાથી પાછો ફરે અને મહંતને પીછેહઠ કરવી પડે તો,જમાતના નિયમ પ્રમાણે મહંતને ગાદી ત્યાગ કરવો પડે, આથી આવી પડેલ ગંભીર પરિસ્થિતિને પહોંચીવળવા મહંતશ્રીએ બજરંગદાસ બાપુને બોલાવવા સાધુને મોકલ્યા. મહંત, બાપાની અલૌકિક શક્તિને પારખી શક્યા હતા.

દોડાદોડ થઈ ગઈ, વાતાવરણ ભયભીત થઈ ગયું હતું. એક સાધુએ બજરંગદાસ બાપુને મહંતનો સંદેશો આપ્યો કે, " મહંતશ્રી આપકો જલદી બૂલા રહે હૈ " ત્યારે બાપુ બાવળના ઝાડ નીચે "સીતા...રામ.","સીતા...રામ"ના જાપ જપવામાં એક ચિત્ત મગ્ન હતા. જેથી બાપુએ બોલાવવા આવેલ સાધુની વાત ઉપર કંઈજ ધ્યાન આપ્યું નહિ. અને બોલાવવા આવેલ સાધુએ પાછા ફરીને મહંતને હકીકતથી વાકેફ કર્યા,મહંત શ્રી ફરીથી સાધુને બોલાવવા મોકલ્યા અને કહેવડાવ્યું કે બજરંગદાસ કો બોલો કિ ગુરુ આજ્ઞાસે મહંત બુલાતા હૈ, જલદી આ જાયેં ગુરુ આજ્ઞાનું પાલન કરીને બાપુ આવ્યા, પરિસ્થિતિ જોઈ. અને તુરંત જ બાપુએ કોઈપણ જાતનો વિલંબ કર્યા વિના,ભય વિના હિમ્મતથી,મક્કમતાથી સામે ઊભેલા આઠથી દસ વાઘના ટોળા વચ્ચે જઈ ઊભા રહ્યા અને વાઘની નરસિંહ સ્વરૂપે સ્મૃતિ કરીને વિનંતી કરી કે ; " મહારાજ ! તમે તમારી પત કાં ખોવો ? અહીં ક્યાં હિરણ્યકશિપુ છે કે એને મારવાનો હોય ! આ તો બિચારા સાધુ-બાવા અને સંતો છે, તમારું ભજન કરે છે તમારા ગુણગાન ગાય છે તેને કેમ ડરાવો છો ? શરમ નથી આવતિ.! ચાલો હટો અને માર્ગ મોકળો કરો." આમ વિનંતી કરતાં જ વાઘના ટોળાએ બાપુને કુંડાળુ કરી વચમાં ઘેરી લીધા, અને તે જ સ્થિતિમાં બાપુ તેને જંગલમાં દોરી ગયા, માર્ગ મોકળો થઈ ગયો, જમાત પસાર થઈ ગઈ.

ગુરુદેવ શ્રી સીતારામદાસજી સહિત આખી જમાત સુખરૂપ નાસિક પહોંચી. અને કુંભમેળા પર્વના મુખ્ય પવિત્ર દિવસે સીતારામદાસજીએ રાખનો ગોદાવરીમાં જળમાં બનેલો મોટો પિંડો લઈ મંત્રોચ્ચાર સાથે બાપાને આખા શરીરે લગાડી દઈ ખાખીની દીક્ષા આપી. દીક્ષા અંગેની પરંપરા અનુસારની બધી ધાર્મિક વિધિઓ પૂર્ણ કરવામાં આવેલી. પૂજ્ય દુખીઃશામબાપુ આ પ્રસંગે ત્યાં હાજર હતા.

કુંભ મેળો પૂરો થયો પછી શ્રી સીતારામદાસજી સહિત આખી જમાત પાછી ફરી રહી હતી મુંબઈ આવ્યું બપોરનો સમય છે માથે ઉનાળાનો ધોમ તડકો છે. સાધુઓને તૃષા લાગી. સમુદ્ર તો સામે હતો જ, પણ તરસ છીપાવવામાં એનું પાણી થોડું ઉપયોગમાં લઈ શકાય ? નજર પહોંચે ત્યાં સુધીમાં ક્યાંય એવું સ્થળ દ્રષ્ટિગોચર થતું નથી કે જ્યાં પાણી મળે ? તરસ સૌની વધતી જતી હતી, પણ કરવું શું ? જમાત પણ નાની નહોતી - સેંકડો સાધુઓ હતા !

બજરંગદાસ બાપા ગુરુ અને પરમાત્માનું સ્મરણ કરી સમુદ્ર કિનારા તરફ ઊપડ્યા. બધા સાધુઓ કૂતુહલની નજરે એમને નિહાળી રહ્યા. થોડે આગળ જઈ પ્રભુને મનોમન કહેવા લાગ્યા કે, હે પ્રભુ જેઓ તેને જ એકમાત્ર પોતાનો આધાર માને છે તેવા તારા આ સંતો પાણી માટે ટળવળી રહ્યા છે, તૃષાથી પીડાઈ રહ્યા છે. જો તેનું પાણી નહીં મળવાને કારણે મોત થશે તો જવાબદાર તું થઈશ. એનું કલંક તને લાગશે. માટે હે રામ ! તમે કૃપા કરો.

આમ બોલી ચોપાટીના એ દરિયાની નજીક જઈ "જય શ્રીરામ" અને "જય શ્રી સીતારામ" નું ઉચ્ચારણ કરતાં કરતાં વીરડો ગાળવા લાગ્યા. વીરડો ખાસ્સો પહોળો અને ઊંડો કરેલ. વીરડામાં પાણી આવતા ખોબો ભરી ભગવાન રામને અર્પણ કર્યું. અને એક ખોબો પોતે પીધું. પાણી મીઠું હતું ટોપરાના પાણી જેવું મધુર હતું. સાથેનું કમંડળ ભરીને ગુરુદેવ માટે લઈ ગયા. અને જમાતના સાધુઓને કહ્યું જાઓ ત્યાં વીરડે જઈ પાણી પીઓ. સૌ પાણી પીને તૃપ્ત બન્યાં અને આ ઘટના વખતે પણ દુખીઃશ્યામ બાપુ સાથે હતા. વીરડો ગાળવા-ઉલેચવામાં પણ મદદરૂપ બનેલા.બાપાના આ ચમત્કારે સૌ એમનો આભાર માનવા, તો કોઈ વંદન કરવા લાગ્યા ; ત્યારે બાપાએ કહ્યું : આ કૃપા તો મારા ગુરુદેવની છે. ઈશ્વરે આપણને સૌને ઉગારી લીધા છે. સૌએ ગુરુદેવનો જયજયકાર કર્યો. સંઘ ત્યાંથી આગળ વધ્યો.

જય સિયારામ... બાપા સિતારામ....

**સુરેશભાઈ. એન. નિમાવત (ગાંધીનગર) નાં સૌને બાપા સિતારામ.**



પાપ ન કરવું એ જ દુનીયાની ભલાઈ કરવા જેવું છે.



# શ્રી રામાનંદીય સાધુ સમાજ મોરબી



## ● સમુહ લગ્ન અહેવાલ ●

આપણા રામાનંદીય સાધુ સમાજના જરૂરીયાત મંદ પરિવારના દિકરા-દિકરીઓના લગ્ન પ્રસંગનો ખર્ચ સમાજના દાતાઓ દ્વારા ઉઠાવીને તેઓને આર્થિક રીતે મદદરૂપ થવાના શુભ આશયથી એકવીસ વર્ષ પહેલા શ્રી રામાનંદીય સાધુ સમાજ ઉત્કર્ષ સમૂહ લગ્ન મંડળ મોરબી માળિયાની રચના કરવામાં આવેલ. જેમાં શ્રી નારાણદાસ પ્રભુદાસ રામાવત (અધ્યક્ષ), શ્રી ડો.સુરેશભાઈ રામાનુજ (ઉપ.અધ્યક્ષ), શ્રી નયનભાઈ એસ. રામાવત (પ્રમુખશ્રી), શ્રી મુકેશકુમાર એમ. કુબાવત(ઉપ પ્રમુખશ્રી), શ્રી ફરશુરામભાઈ વિઠ્ઠલદાસ નિમાવત (મંત્રીશ્રી), શ્રી નવનીતભાઈ એસ. રામાવત(સહમંત્રીશ્રી), શ્રી જગદીશભાઈ અમૃતલાલ લશ્કરી (ખજાનચીશ્રી), શ્રી સંજયભાઈ એલ. રામાવત (સહખજાનચીશ્રી), શ્રી પ્રવીણભાઈ જી. દેવમુરારી (સભ્યશ્રી), શ્રી જીતેશભાઈ જે. કુબાવત(સભ્યશ્રી) તરીકેની સેવાઓ આપી રહ્યા છે. આ સમૂહલગ્ન મંડળ દ્વારા **૭૫** કાયમી દાતાઓ તેમજ અન્ય **૪૨** જેટલા દાતાઓ દ્વારા કાયમી રીતે પ્રતિ વર્ષ સમુહ લગ્નમાં દરેક કન્યાઓને કરીયાવરની તમામ ચીજ વસ્તુઓ આપવામાં આવે છે. તેમજ મંડળ દ્વારા ઘટતી નાની મોટી વસ્તુઓની ખરીદી કરી ભેટ આપવામાં આવે છે.

તાજેતરમાં તા.૨૧/૦૨/૨૦૨૫ના રોજ શ્રી ખોખરા હનુમાન હરિહર ધામ ખાતે શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પ.પૂ.માં કનકેશ્વરી દેવીજીના સાનિધ્યમાં **૨૧મો સમૂહ લગ્ન મહોત્સવ**નું આયોજન થયેલ જેમાં કુલ **૯ (નવ)** લગ્ન હતાં.

સમૂહ લગ્નના આ કાર્યક્રમને દિવ્યમાન બનાવતા સંતો મહાનુભાવો સહિત ગુજરાત રામાનંદીય સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ(રાજ્ય મંડળ) સાવરકુંડલાને પણ આમંત્રણ આપવામાં આવેલ. મંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી અનિવાર્ય સંજોગોના કારણે હાજર ન રહેતા તેઓશ્રી દ્વારા નિયુક્ત રામભક્ત અંકના પૂર્વ સહતંત્રી, મોરબી જિલ્લા રામભક્તના કન્વીનર,રાજ્ય મંડળના સદસ્ય શ્રી ઘનશ્યામભાઈ આર. નિમાવત મોરબીને રાજ્યમંડળના પ્રતિનિધિ તરીકે સમુહલગ્ન કમિટીને શુભેચ્છા સંદેશો તથા રૂા.૧૧૦૦/- ભેટ અર્પણ કરેલ. આ તકે સમૂહલગ્ન આયોજનના મંત્રી શ્રી ફરશુરામભાઈ નિમાવત તરફથી રાજ્યમંડળના પ્રતિનિધિનું શાલ - ફુલહારથી સન્માન કરવારમાં આવેલ તેમજ સમુહલગ્ન મંડળના અધ્યક્ષશ્રી નારાણદાસ પી. રામાનુજનું શ્રી ઘનશ્યામભાઈ આર. નિમાવત (મોરબી) દ્વારા રાજ્યમંડળના પ્રતિનિધિ તરીકે શાલ - ફુલહાર દ્વારા સન્માન કરવારમાં આવેલ.

શ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વરના કનકેશ્વરી દેવીજીએ પોતાના આર્શીવચનમાં આપણા રામાનંદીય સાધુ સમાજના સમુહ લગ્નનું આયોજન શ્રી ખોખરા હનુમાનજી મહારાજના સાનિધ્યમાં થવાથી ખુબ રાજીપો વ્યક્ત કર્યો. તથા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરેલ દરેક નવ દંપતિઓની પાસે રૂબરૂ જઈ ભેટ આર્શીવાદ પાઠવેલ.

આ સમગ્ર કાર્યક્રમમાં વાંકાનેર રામાનંદીય સાધુ યુવક મંડળ, તથા રામાનંદીય સાધુ મહિલા મંડળ મોરબીના સભ્યોએ સેવા આપેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા એનાઉન્સર તરીકે શ્રી મહિપત રામભાઈ કુબાવતે સેવા આપેલ.

**:: અહેવાલ ::**
**ઘનશ્યામભાઈ આર. નિમાવત**
**મોરબી**

અહેવાલ પ્રસિધ્ધિ ભેટ રૂા.૧૫૦/- જમા પહોચ નંબર ૬૧૪૦ તા.૨૫/૦૨/૨૦૨૫



માણસ ને પારખવા રહીશુ તો એમને ચાહવાનો સમય જ બાકી નહી રહે.



શ્રી તપસ્વીનીબેન દેવમુરારી

## હાર્દિક અભિનંદન...

### સુરત શહેર પીએસઆઈ તપસ્વીનીબેન દેવમુરારીને પીઆઈનું પ્રમોશન

# સમગ્ર રામાનંદી સાધુસમાજનું ગૌરવ વધારતા પીઆઈ તપસ્વીનીબેન દેવમુરારીને ચોતરફથી શુભેચ્છા વર્ષા થઈ

સુરત શહેર પીઆઈ તરીકે શ્રી તપસ્વીનીબેન દેવમુરારીને પ્રમોશન મળતા ચોતરફથી શુભેચ્છા વર્ષા થઈ રહી છે. સુરત શહેર પોલીસ સ્ટેશનમાં ઉમદા કામગીરી થકી વગર પરીક્ષાએ પીઆઈનું પ્રમોશન મળતા પરીવારજનોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી અને દેવમુરારીની દીકરીને પીઆઈ તરીકે પ્રમોશન મળતા સમગ્ર રામાનંદી સાધુ સમાજ હર્ષની લાગણી અનુભવી રહ્યો છે. તેમજ પરીવારજનો સગાં -વહાલાંઓમાં આ અંગે સમાચાર મળતા આનંદની લાગણીઓ પ્રસરી ગઈ હતી અને તપસ્વીનીબેન કપીલદાસ દેવમુરારીને અભિનંદનની સાથે શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.શુભેચ્છા પાઠવતા શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સાવરકુંડલા.



## હાર્દિક શુભકામનાઓ...

જસદણ નગરપાલિકા વોર્ડ નંબર ૨ માં જલ્પાબેન દુર્ગેશભાઈ કુબાવત ૧૧૪૩ મતની જંગી બહુમતીથી જીતી રામાનંદી સાધુ સમાજનું ગૌરવ વધાર્યું ખૂબ ખૂબ અભિનંદન...



( લિ. )

• શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા • બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય .
• રામભક્ત મુખપત્ર સંપાદક મંડળ •



## હાર્દિક શુભકામનાઓ...

ચલાલા નગરપાલિકા વોર્ડ નં ચાર ભાજપ ઉમેદવાર વનીતાબેન કાળુભાઈ લશ્કરી વિજેતા જાહેર થયા ખૂબ ખૂબ અભિનંદન... રામાનંદી સાધુ સમાજ નું ગૌરવ ગૌરવ વધાર્યું ખૂબ ખૂબ અભિનંદન...

( લિ. )

• શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા • બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય .
• રામભક્ત મુખપત્ર સંપાદક મંડળ •



## હાર્દિક શુભકામનાઓ...

બાપા સીતારામ ના પરમ ભક્ત અને આપણા શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળના સંગઠન મંત્રીશ્રી બલભદ્રભાઈ (ભદુભાઈ) વૈષ્ણવ ધંધુકા નગરપાલિકા વોર્ડ નંબર -૨ માથી લોકચાહાના વાળા અપક્ષ ઉમેદવાર તરીકે ભવ્ય વિજય થયો... બાપા સીતારામની કૃપા બની રહે.. જય સિયારામ. લાખ લાખ અભિનંદન

( લિ. ) • શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સાવરકુંડલા • બજરંગદાસ બાપા રામાનંદ ગુરુકુળ કન્યા છાત્રાલય .
• રામભક્ત મુખપત્ર સંપાદક મંડળ •

**રામાનંદી સાધુ સમાજની ગૌરવગાથાને વર્ણવતું મુખપત્ર એટલે...**

**જ્યાં વસે રામાનંદી ત્યાં હશે, રામભક્ત**



અજ્ઞાની આત્મપ્રશંસા માટે હંમેશા તૈયાર હોય છે.

## દસ પ્રકારની પ્રેરણા ? -: સમજી લઈએ :-

૧. આપડુ સફળતાનું સાચુ મુલ્ય તમારી મહેનત અને સમયના સદપયોગથી નક્કી થાય.
૨. મહાન કાર્ય કરવાની એકમાત્ર રીત એ છે કે, તમે જે કાર્ય કરો છો તેને પ્રેમથી કરો.
૩. મારૂ કાર્ય કામ લોકો માટે ઉદાર થવુ નથી પરંતુ તેને શ્રેષ્ઠ બનવા પ્રેરિત કરવાનું છે.
૪. ક્યારેક ક્યારેક આપણને જીવનમાં તમારા માથા પર ઈંટથી પ્રહાર થાય એવુ લાગે છે મહેસુસ થાય છે, પણ વિશ્વાસ ન ગુમાવવો.
૫. તમારો સમય સીમીત છે માટે તેને કોઈ અન્ય જીવન જીવવામાં બરબાદ ન કરીએ.
૬. સૌથી મોટો ધર્મ છે પોતાના સ્વભાવ પ્રત્યે સાચા હોવું, સ્વયં પર વિશ્વાસ કરો.-સ્વામી વિવેકાનંદ
૭. ભાગ્યશાળી હોય તેજ સત્ય સાચા જ્ઞાતિગણ નિખાલસ ભજનાનંદ ધર્મ પરાયણ ભગતિમય પ્રભુનું રટાણાનંદ એ જ જ્ઞાતિ ભાગ્યશાળી પ્રયાગરાજ કુંભમા ત્રિવેણી સંગમે રોજ વહેલી સવારે અમારા ગુજરાતના જ્ઞાતિબંન્ધુ રામાનંદી ત્રિવેણી સંગમમાં ડુબકી લગાવતા હશે જ.
૮. કોઈ પણ લક્ષ્ય માનવીના એ લક્ષ્ય ના સાહસ કરતા મોટુ નથી. પરાજીત એ છે જે લક્ષ્ય સામે લડતું નથી.
૯. જે જમીન પર રહે, તે મહાન છે, અને જે સૌની આગળ ઝુકે, તે ભગવાન છે.
૧૦. જે સમયે કોઈ સામસ્યા જન્મ લે છે ત્યારે તેની સાથે જ સમાધાન પણ જન્મ લે છે.

રામ ભક્તને રૂા.૨૦૦/- પ.નં. ૭૫૦૨ થી જમા મળેલ છે.લેખન રજુઆત - અગ્રાવત ગોકુલદાસ જીવરામદાસજી (નારી)



### માનવમંદિર ભક્તિરામ બાપુએ કરી મોટી જાહેરાત

## રામજીમંદિર ની પૂજા કરતા પૂજારીઓ ના દીકરાને ભણાવશે માનવમંદિર

તારીખઃ૧૮/૦૨/૨૦૨૫ મીઠાપુર નિવાસી સ્વ.પરસોતમદાસ રણછોડદાસ બાપુ દેવમોરારીના ભદ્રોત્સવ દરમિયાન વક્તવ્ય આપતા પુજ્ય બાપુ એ જણાવ્યુ કે રામજી મંદિર ની પૂજા કરતા પૂજારીઓ ના દીકરા ને ભણાવશે માનવમંદિર પુજ્ય બાપુએ કહ્યું હું જીવું ત્યાં સુધી. બાપુએ આગળ વાત કરતા જણાવ્યું કે આજ આપણી સંસ્કૃતિ વિલુપ્ત થતી જાય છે એવા મા આપણા સંતાનો આપણી સંસ્કૃતિ ની સાચી ઓળખ ફરી પ્રાપ્ત કરે સનાતન ધર્મ વિશે જાણે, સંસ્કારોનું નવું સિંચન થાય એવા ઉદેશ્ય સાથે અમો આ ભગીરથ કાર્ય કરવા જઈ રહ્યા છીએ. પુજ્ય બાપુ એ જૂના સંસ્મરણો યાદ કરતાં જણાવ્યુ કે અમો નગારા વગાડવા લાઈનમાં રહેતા અને આજ ઈલેક્ટ્રિક નગારૂ શરૂ કરી પૂજારી એકલા પ્રભુ સેવા કરે છે. મુસ્લિમો પોતાના સંતાનો ને ઉર્દુ ભણાવે છે. એટલે એમને કુરાન યાદ રહે છે. ઈસાઈ ઈંગ્લિશ ભણાવે છે એટલે એમને બાઈબલ યાદ રહે છે જ્યારે આપણો હિન્દું સમાજ સંસ્કૃત નો પાઠ ભૂલી ગયા છીએ. પૂજ્ય બાપુ એ કહ્યું કે આપણા સમાજ માં શિક્ષણ નો વ્યાપ ઓછો થઈ ગયો છે જોકે હમણાં થોડી જાગૃકતા આવી છે છતાં પણ આપણા સાધુ સમાજ માં દીકરીઓ ભણે છે દીકરાઓ અભ્યાસથી વંચિત રહે છે જેના કારણે દિકરીઓ વધારે ભણેલ હોય દિકરીઓમાં મા આંતર જ્ઞાતી વિવાહ નું પ્રમાણ વધ્યું છે. ત્યારે માનવમંદિર સમાજ ના દીકરાઓ ને ઉચ્ચ અભ્યાસ માટે કાર્ય કરવા જઈ રહ્યું છે.

### માણસ ની માનવતા ના પ્રત્યક્ષ દર્શન માનવ મંદિર

અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં આવેલ માનવ મંદિર આશ્રમ આવેલો છે. અહીં મહંત ભક્તિરામ બાપુ દ્વારા મનોરોગી યુવતીઓની સેવા કરી રહ્યા છે. રસ્તાઓ પર રખડતી ભટકતી હાલતમાં મળી આવતી અસ્થિર મગજની મહિલાઓ અને યુવતીઓને અહીં રાખવામા આવતી હોય છે.સંસ્થા દ્વારા આવી મહિલા અને યુવતીઓને ભોજન અને દવાઓ પુરી પાડવામા આવે છે. અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા ૫ દિકરીઓના લગ્ન અને ૧૨૬ જેટલી યુવતીઓ સ્વસ્થ થયા બાદ તેના પરિવારજનો સાથે મિલન કરાવી ચૂકી છે. માણસ ની માનવતા ના પ્રત્યક્ષ દર્શન જો નિહળવા હોય તો માનવ મંદિર ના દર્શનાર્થે અવશ્ય મુલાકાત લેવા જેવી છે.



શ્રી હરિભાઈ એન. દેવમુરારી

### શ્રી બજરંગદાસબાપા રામાનંદ ગુરૂકુળ કન્યાછાત્રાલય સાવરકુંડલાને શિક્ષણવિદ શ્રી હરિભાઈ એન. દેવમુરારી (રાજકોટ)ના ૮૩ માં જન્મદિને છાત્રબાળાઓને ફીસ્ટ

**તા.૦૧/૦૩/૨૦૨૫**

શૈક્ષણિક સંસ્થા સાવરકુંડલા સાથે વર્ષોથી જોડાયેલા સંસ્થાના શિક્ષણ વિભાગમાં જરૂરી માર્ગદર્શન અને સંચાલન સમિતીમાં ૧૦ વર્ષ જેટલો સમય સેવા આપી. તેવા શિક્ષણવિદ્દ શ્રી હરિભાઈ એન. દેવમુરારી (હાલ રાજકોટ) નો ૮૩માં જન્મદિન છાત્રબાળાઓને યાદ કરી તા.૦૧/૦૩/૨૦૨૫ના રોજ સાંજના પાંઉભાજીનું ફીસ્ટ જમાડવામાં આવેલ તેના રૂા. ૨૧૦૦/- પ.નં ૭૪૭૯ થી મળેલ છે. આભાર.

# મુલાકાત નોંધપોથીમાંથી સાભાર

શ્રી વિષ્ણુદાસ પ્રભુદાસ નિરંજની (નાના કોટડા, જેતપુર) તા.૦૯/૦૮/૨૦૨૪

આજરોજ તા.૦૯/૦૮/૨૦૨૫ ના રોજ પૂ.શ્રી સીતારામબાપુ ગુરૂશ્રી દયારામબાપાના શિષ્ય શ્રી સીતારામબાપુની ત્રીજી પૂણ્યતિથી નિમિતે છાત્રાબાળાને મિષ્ટભોજનમાં બપોરના પ્રસાદરૂપે રાખેલ તેમજ પૂજ્ય ઘનશ્યામબાપુ તથા પ્રમુખશ્રી અરૂણભાઈના માર્ગદર્શન નીચે અમોએ તથા પૂજ્ય કાન્તાબા (મોટા લીલીયા) વાળાના સુચનથી તેમજ મારી પુત્રી ક્રિષ્નાબેન આજ છાત્રાબાળા અને સાવરકુંડલા છાત્રાલયમાં અભ્યાસ કરીને ઘર જેવું વાતાવરણ મળેલ તેમજ સંસ્કાર સાથે શિક્ષણ સારી રીતે મળેલ અને હાલમાં ગવર્નમેન્ટ જોબ કરે છે અને અમો અહિંયાનું વાતાવરણ ઘર જેવું છે જેથી હું ખુબ જ ધન્યતા અનુભવું છું. આભાર સાથે વંદન. જય સીયારામ...

રૂા.૫,૫૦૦/- ભોજનદાનના પ.નં. ૬૯૦૦ થી જમા મળેલ છે.

રૂા.૧૫,૧૧૧/- સાકેતવાસી પૂજ્ય સીતારામબાપુ, ગુરૂશ્રી દયારામબાપા, હસમુખા હનુમાન મતિરાળા
કાયમી મિષ્ટભોજન દાન મળેલ છે જે પ.નં. ૭૦૦૧/૭૦૦૨ થી જમા મળેલ છે.

તા.૨૦/૧૦/૨૦૨૪

આજરોજ તા.૧૯/૧૦/૨૦૨૪ બજરંગદાસબાપા કન્યા છાત્રાલય, સાવરકુંડલાની મુલાકાત લીધી. અમારા દાદીમા સ્વ.પૂ.મણિબેન છોટાલાલ વૈષ્ણવની પ્રેરણાથી બનાવેલ ટ્રસ્ટના સામાજીક ઉત્થાન કાર્ય અંતર્ગત સમાજના બધા જ કુમાર અને કન્યા છાત્રાલયના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ફૂલસ્કેફ ચોપડા વિતરણ માટે અને રૂબરૂ મુલાકાત લીધી.

હર હંમેશની જેમ પૂ.ઘનશ્યામબાપુ તથા શ્રી અરૂણભાઈ દેવમુરારીએ ખૂબ ઉમળકાભેર આવકાર્યા સાંજે આરતીમાં બધી જ દીકરીઓ સાથે ભાગ લીધો. નોટબુક વિતરણ કર્યું અને સૌ સાથે મિષ્ટભોજન લીધું. સંસ્થાની પ્રવૃતિઓ, વિકાસના માર્ગની ચર્ચાઓ કરી. રાત્રે રોકાણ કરી સવારે ચા-નાસ્તો કરી અમરેલી છાત્રાલય જવા વિદાય લીધી.

પૂ.બાપુનો હંમેશા આગ્રહ રહ્યો છે કે અમે સજોડે આવીએ એટલે બંને ભાઈઓ પત્નીઓ સાથે આવ્યા એ માટે પૂ.બાપુએ રાજીપો વ્યક્ત કર્યો. વટવૃક્ષ સમાન આ સંસ્થા માટે પૂ.બાપુ અને શ્રી અરૂણભાઈનો સંસ્થાને સુરૂપ સંભાળવા બદલ જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. બંનેને અભિનંદન અને ખૂબ ખૂબ આભાર અને વંદન.

ગૃહપતિ શ્રી લક્ષ્મીરામભાઈ અને ગૃહમાતા શ્રી નિરંજનીબેનને પણ ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ. નોટબુક વિતરણ સમયે સાથ આપવા બદલ શ્રી હિતેષભાઈનો પણ ખૂબ આભાર. જય સીયારામ...

- દિપક વૈષ્ણવ • નીતા વૈષ્ણવ - ભરૂચ
- ગૌતમ વૈષ્ણવ • દક્ષા વૈષ્ણવ - અંકલેશ્વર

જયશ્રી બેન નિલેષભાઈ ટીલાવત, રાજુલા તા.૧૮/૦૧/૨૦૨૫

આરજરોજ સાવરકુંડલા એક પ્રસંગે આવેલ પણ ગુરૂકુળની મુલાકાત લેવાની ખુબ જ ઈચ્છા હતી. આવી અને જુની યાદી તાજી થતા ખુબ જ આનંદ થયો. છાત્રાલય રૂમ બહેનો બધાને મળીને ખુબ જ આનંદ થયો.. હું તો ભણી પણ મારી દીકરીને પણ અહિં છાત્રાલયમાં એક વર્ષ ભણાવી.

રૂા.૫૦૦/- પ.નં. ૭૩૮૨ થી મળેલ છે. રૂા.૨૦૦૦/- મુદ્દતી લવાજમની રકમ પણ મળેલ છે.

તા.૧૯/૦૧/૨૦૨૪

જય સીયારામ... પૂર્વ સદસ્ય ચલાલા નગરપાલીકા શ્રી નયનાબેન બાલકૃષ્ણભાઈ દેવમુરારી આજરોજની નાનલાલબાપુ હરજાણાની વર્ષ નીમીતે સાવરકુંડલા કન્યા છાત્રાલયની મુલાકાત લેતા લાભ મળ્યો. વિશેષ છાત્રાલયનો વહીવટી પૂજ્ય રાઘવબાપુ તેમજ શ્રી અરૂણભાઈ દેવમુરારી દ્વારા ચાલે છે તે ખુબ ખુબ અભિનંદનને પાત્ર છે. જય સીયારામ

રૂા.૫૦૦/- પ.નં. ૭૩૮૩ થી જમા મળેલ છે.

લિ.બાલકૃષ્ણભાઈ ટી. દેવમુરારી

તા.૧૯/૦૧/૨૦૨૪

આજરોજ તા.૧૯/૦૧/૨૦૨૪ નાં રોજ સાવરકુંડલા એક પ્રસંગોપાત આવવાનું થતા મારી ઈચ્છા છાત્રાલયે ઘણા સમય થી હતી અને ફેમેલી સાથે આવીયા હતા, આપણા સમાજ ગર્વ આપી તથા બાપુ સાથે શ્રીમાન રાઘવદાસબાપુ તથા પ્રમુખશ્રી અરૂણભાઈ દેવમુરારી સાહેબ સંચાલન વિશે જાણ તેમજ છાત્રાલયની રૂબરૂ મુલાકાત કરી છાત્રાલય જોઈને ઘણોજ આનંદ થયો ભગવાન શ્રી હનુમાનજી મહારાજની કૃપાથી આજીવન આપની તેમજ આપણા સમાજની દિકરીને સારૂ ભણતર અને ગણતર મળી રહે તે જાણી ખુબ જ ખુશ થયા.

જે.સીતારામ સાથે મારા ફેમેલી તરફથી અભિનંદન

લિ.મુકેશભાઈ રતીલાલ અગ્રાવત
જી.ખંભાળા, તા.પડધરી, મો.૯૭૨૩૮ ૩૩૮૬૮

રૂા.૧૧૦૦/- સંસ્થાને દાન. પ.નં. ૭૩૮૫ થી જમા મળેલ છે.



જે પોતાનું નામ પોતાના કર્મોથી તે જ ઉત્તમ ગણાય.

તા.૨૫/૦૧/૨૦૨૫

જય સીયારામ... આજ રોજ અન્ય કામ માટે સાવરકુંડલા આવવાનું થતા છાત્રાલય ની મુલાકાતનો અવસર પણ પ્રાપ્ત થયો. સાથે પરિવારની પાંચ દીકરીઓને પણ મળવાનો અવસર મળ્યો. અને છાત્રાલયની કામગીરી જોઈ આનંદની અનુભુતી થઈ.

મુલાકાતીઓ:- (૧) મહેશભાઈ જમનાદાસ અગ્રાવત, (૨) રેખાબેન મહેશભાઈ અગ્રાવત, (૩) પુનીત મહેશભાઈ અગ્રાવત, (૪) દીલીપકુમાર કમળદાસ કુબાવત

તા.૦૬/૦૨/૨૦૨૫

આજ રોજ સાવરકુંડલા શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ છાત્રાલયમાં મુલાકાતનો અવસર પ્રાપ્ત થયો. અહીયા આપણા રામાનંદી સાધુ સમાજની દિકરીઓ સારા અભ્યાસ માટે, ઉચ્ચ અભ્યાસ માટે ગ્રામ્ય વિસ્તારમાંથી આવતાં આપણા સમાજની દિકરીઓ માટે સાવરકુંડલા મુકામે ખૂબજ સરસ છાત્રાલયની સેવાઓ, રહેવાની સારી વ્યવસ્થા, સારી ભોજન વ્યવસ્થા જોઈ આનંદ અનુભવુ છુ. અને સાધુ સમાજનાં દરેક લોકો આવી સંસ્થાની મુલાકાત લે અને સેવા કાર્યમાં જોડાવવા અપીલ. જય સીયારામ.

વિજય એમ. બાવનિયા
ચલાલા, તા.ધારી.

રૂા.૨૧૦૦/- પ.નં. થી મળેલ છે.

## :: સજ્જ્નોનું સૌજન્ય (ભલાઈ) ::

પ્રણામ સાથ લખવાનું કે, પ્રાણો ત્યાગવાનો સમય આવે તો પણ સજ્જનોના સ્વભાવમાં કોઈ પણ ફેરફાર થતો નથી. સજ્જનો જીવનના અંત સમયે પણ પરોપકારી જ રહે છે. દ્રષ્ટાંતો રૂપે (૧) ચંદન :ચંદનને વારંવાર ઘસવા છતાં તે સુવાસિત રહે છે. તેની સુગંધમાં ફરક પડતો નથી. (૨) શેરડીનો સાંઠો : શેરડીના સાંઠાને વારંવાર કાપવા છતાં તેની મીઠાશમાં ફરક પડતો નથી. (૩) સુવર્ણ : સોની સોનાને ભઠ્ઠીમાં વારંવાર તપાવ્યા કરે તો પણ તેનો વર્ણ સુંદર જ બને છે.

જેમ કે, પાણીમાં ડુબતાં એક વીંછીને બચાવવા જતાં એક મુનિને તો વીંછીએ વારંવાર ડંખ માર્યા અને તેની કારમી પીડા થવા છતાં મુનિએ તે વીંછીને પાણીમાંથી ડુબતો બચાવી જમીન પર મૂક્યો, અન્યનું ભલુ કરવાની કેવી ઉચ્ચ ભાવના ! આમ સજ્જનો ગમે તેવા કપરા સંજોગોમાં પણ પોતાનું સૌજન્ય (ભલાઈ) છોડતાં નથી.

આપનો આભારી
સંકલન : **ટી. કે.દેવમુરારી (રાજુલા)**
(સામાન્ય પેન્સનર)

## માતા-પિતાની સેવા એ પ્રભુ સેવા છે.

આ જગતમાં માં-બાપ જીવતા અને જાગતા ભગવાન છે એમા કોઈ શંકાને સ્થાન નથી પથ્થરની મૂર્તિને આપણે ભગવાન તરીકે માની લઈએ છીએ...એ પણ સ્વભાવી છે અને હું પણ માનું છું...એવી જ રીતે પોતાના માં-બાપને પણ સાક્ષાત ભગવાન માની લેજો...શોધ ખોળ કરવાની જરૂર નહી પડે...આજે આપણે એક સંતાન તરીકે માતા પિતાની સેવા કરીશું ને તો જ આવનારા દિવસોમાં આપણા સંતાનો આપણી સેવા કરશે...આ એક વિધીનો વિધાન નથી પરંતુ હકીકત છે....

આજના સંતાનો ને પોતાના માતા પિતા કાંઈ કહે તે પણ ગમતુ નથી...માટે જ દરેક દિકરા દિકરીને મારી નમ્ર પ્રાર્થના છે કે પોતાના માતા પિતા આપણને બે કડવા વેણ બોલેને તો સાંભળી લેજો...કારણ કે તે દરેક વેણ આપણા કામિયાબી ના હશે...એ વેણ આપણને આજે યાદ ન આવે...પરંતુ પાંચ દસ વર્ષ પછી યાદ આવશે...આપણે મોઢે મીઠા બોલવા વાળા ઘણા મળી જાશે...સારુ લગાડવા વાળા કોઈ દિવસ મોટી મુસિબતમાં પાડી દેશે...માં-બાપ તો માં બાપ જ છે...ઘણા લોકો એવું લખે છે કે માય વાઈફ માય લાઈફ...પરંતુ માત-પિતા આપણી લાઈફ બનાવવા માટે પોતાની લાઈફ ઘસી નાખે છે...એને ક્યારેય ભુલતા નહી... છે...માટે ઘર સમાજ તેમજ ટ્રસ્ટો દ્વારા આવા કાર્યક્રમો કરવા જોઈએ. આ જગતમાં માં-બાપ સિવાય જીવનમાં અંધારો



નામમાં શું છે ? ગુલાબ ને ગમે તે નામે બોલાવો સુંગધ તો આવવની જ.

# વિજ્ઞપ્તિ

શ્રી માનનીય વહાલા જ્ઞાતિ બંધુઓ રામભક્ત આજીવન ગ્રાહકો જયસિયારામ...

સહર્ષ જણાવતાં ખુશી થાય છે કે આપણા સમાજના રાજ્ય મંડળ દ્વારા સંચાલીત પહેલાનું ''રામદૂત'' અને હાલનું ''રામભકત'' મુખપત્ર ઘણા વર્ષોથી પ્રસિધ્ધ થાય છે, તેમજ સમાજના બીજા ઘણા મુખપત્રો પણ પ્રસિધ્ધ થાય છે. રામાનંદી સમાજનું કોઈપણ મુખપત્ર છેવાડાના જ્ઞાતિબંધુ સુધી પહોંચવું જોઈએ. આ મુખપત્ર થી સમાજની તમામ પ્રવૃતિઓની નાનામાં નાના માણસને જાણકારી મળવી/ મેળવવી જોઈએ આ આપણી પ્રાથમિક ફરજ છે. અને રામાનંદી સમાજનું ગૌરવ હોવુ જોઈએ કોઈપણ મંડળ/સંસ્થાના મુખપત્રો માત્ર ને માત્ર સમાજ ને જાણકારી તેમજ સમાજ ને એકજુથ અને એક્તા ના ઉમદા હેતુ માટે જ મુખપત્રો નો ફેલાવો કરે છે નહિ કે પૈસા મેળવવા માટે.

હાલના સમય/સંજોગ પ્રમાણે સમાજની એકતા સંગઠીતા હશે તો સમાજ પ્રગતિ કરી શકશે અને આવાં મુખપત્ર થી આપણા સમાજને અરસ-પરસ કુટુંબ-પરિવાર ને મદદરૂપ થઈ શકીએ રાજ્ય, જીલ્લા, તાલુકા લેવલે સમાજના કાર્યો, તેજસ્વી તારલાઓની મુખપત્રથી માહિતી મળી શકે.તમામ જ્ઞાતિબંધુને નમ્ર નિવેદન કે આપણા ઘરે રામભકત આવતું ન હોય તો આજે જ ''રામભકત''નું વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-અથવા મુદતિ લવાજમ રૂા.૨૫૦૦ (૧૦ વર્ષ માટે) ભરી સમાજને ઉપયોગી થઈ ઋણ ચુકવવાની ફરજ અદા કરીએ.

સર્વે જ્ઞાતિ હિત ચિંતક ને નમ્ર અપિલ કે આપણા ઘરે **''રામભકત''** આવતું હોય તો આપના સગા-સબંધી સ્નેહી ના ઘરે પણ રામભકત આવવું જાઈએ અને તેમના લવાજમ ભરાવવા પણ પ્રયત્ન કરવા વિનંતી છે. અમોને આશા છે કે આ ભગીરથ કાર્યમાં સૌ જ્ઞાતિ જનો સાથ-સહકાર આપી સમાજને આભારી થશો તેવી વિનંતી...

## '' રામભકત મુખપત્ર - આજીવન યોજના - એપ્રિલ/૨૫ થી બંધ.''

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળનું મુખ પત્ર પ્રથમ હતુ ''રામદુત'' ત્યાર બાદ ''રામભક્ત'' મુખપત્ર દર માસે પ્રસિદ્ધ થાય છે. **મંડળની કારોબારી મીટીંગ ૨૧-૦૪-૨૦૨૪ ના રોજ યોજાયેલ જેમાં એજન્ડા નં.-૪ ના ઠરાવ મુજબ.** રામદુત તા.૧-૦૪-૧૯૭૯થી શરૂ થયેલ. જેમાં આજીવન લવાજમ રૂ/-૧૦૦ તથા રૂ/-૧૫૧, રૂ/-૪૦૦, રૂ/-૬૦૦ તથા રૂ/-૧૦૦૦ એમ ગ્રાહકો બનેલ. તમામ ગ્રાહકોને ૪૦ વર્ષથી રામભકત મોકલવામાં આવે છે. વચ્ચે રૂ/-૨૫૦ મુજબ સહાયક ફંડ પણ લીધેલ પરંતુ ૨૦% ગ્રાહકોજ સહાયક ફંડ આપેલ જેના કારણે છેલ્લા ૨૦૧૪ થી ફરી પાછા ૧૧વર્ષ વધુ સને.૨૦૨૫ સુધી આ યોજનાના ગ્રાહકોને રામભકત મોકલીશું.

આજીવન યોજના ૨૦૧૪ થી જ બંધ કરી મુદતી(૧૦ વર્ષ) યોજના શરૂ કરેલ છે. જેનું લવાજમ. રૂ/-૨૫૦૦ (દસ વર્ષ માટે છે.) પરંતુ આપણા આજીવન ગ્રાહકોને રૂ/-૫૦૦નું ડિસ્કાઉન્ટ આપી રૂ/-૨૦૦૦માં મુદતી લવાજમ સ્વીકારવામાં આવશે.

તો તમામ આજીવન ગ્રાહકોએ રૂ/-૨૦૦૦ ભરીને મુદતી લવાજમ ભરી આપવા વિનંતી. ૪૦ વર્ષ ઉપરાંત જુના ગ્રાહકોને આ યોજનાનો લાભ આપેલ છે. પરંતુ મોંઘવારીનાં ભારણને પહોંચી શકાય તેમ નાં હોય તો સહકાર આપવા વિનંતી.

''આજીવન ગ્રાહક માંથી મુદતી યોજનામાં જોડાવ...'' રૂા.૫૦૦ ના લાભ સાથે લવાજમ રૂા.૨૦૦૦ ભરી આપશો.

**લી. શ્રી ગુજરાત રામનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ - સા.કુંડલા**

## '' રામભકત મુખપત્ર - આજીવન યોજના - એપ્રિલ/૨૫ થી બંધ.''

### રામભક્ત ના જુના આજીવન ગ્રાહકોએ મુદતિ લવાજમ ભર્યાની યાદી

| નં. | નામ | ગામ | જુનો આજીવન ગ્રાહક નં. | લવાજમ રકમ | પ.નં. |
|---|---|---|---|---|---|
| (૭૬) | કિશોરચંદ્ર અંબારામ નિમાવત | જામખંભાળીયા | ૧૨૬૦ | રૂા. ૨૦૦૦/- | ૭૪૬૯ |
| (૭૭) | ઋષિરામ એમ. દેવમુરારી | ખાંભડા | ૧૨૭૦ | રૂા. ૨૦૦૦/- | ૭૪૭૦ |
| (૭૮) | નંદલાલ જી. અગ્રાવત | રાજકોટ | ૨૧૨૪ | રૂા. ૨૦૦૦/- | ૭૪૭૨ |
| (૭૯) | ચેતનભાઈ ડી. યોગાનંદી | આણંદ | ૨૦૦૮ | રૂા. ૨૦૦૦/- | ૭૪૭૬ |
| (૮૦) | ડો. રૂગનાથભાઈ જે. કુબાવત | બાબરા | ૮૧૯ | રૂા. ૨૦૦૦/- | ૭૪૭૭ |
| (૮૧) | મનહરલાલ મોહનદાસ નૈનજી | ઝાપોદડ | ૨૨૩૮ | રૂા. ૨૦૦૦/- | ૭૪૭૮ |
| (૮૨) | વસંતભાઈ પી. નિમાવત (CA) | મુંબઈ | ૧૦૬ | રૂા. ૨૦૦૦/- | ૭૩૧૪ |
| (૮૩) | પ્રભુદાસ કે. નિમાવત | સુરેન્દ્રનગર | ૧૧૯૩ | રૂા. ૨૦૦૦/- | ૭૩૧૧ |
| (૮૪) | સુરેશકુમાર શંકરલાલ દેવમુરારી | બેટદ્વારકા | ૨૪૦૭ | રૂા. ૨૦૦૦/- | ૭૪૧૦ |
| (૮૫) | રમેશભાઈ વિઠ્ઠલભાઈ વિષ્ણુસ્વામી | રાણખીરસરા | ૧૮૨૫ | રૂા. ૨૦૦૦/- | ૭૪૦૦ |



ખોટી પ્રશંસા ઘણી જ દુઃખ દાયક હોય છે.

## " રામભક્ત મુખપત્ર મુદતિ લવાજમ રૂા.૨૫૦૦/- ના નવા ગ્રાહકોની યાદી

### માહે એપ્રિલ - ૨૦૨૪ થી માહે ફેબ્રુઆરી - ૨૦૨૫ સુધીના

| નં. | નામ | ગામ | ગ્રાહક નં. | લવાજમ રકમ | પ.નં. |
|---|---|---|---|---|---|
| (૧) | શ્રીકાંતભાઈ એન. નિમાવત | ગાંધીનગર | ૪૫૩ | રૂા. ૨૫૦૦/- | ૬૬૬૦ |
| (૨) | ગંગારામભાઈ બાબુદાસ નિમાવત | ભાચા | ૪૫૪ | રૂા. ૨૫૦૦/- | ૬૬૮૧ |
| (૩) | ભાર્ગવભાઈ હરીશભાઈ દેવમુરારી | કેશોદ | ૪૫૫ | રૂા. ૨૫૦૦/- | ૬૪૦૮ |
| (૪) | રાજેશભાઈ શાંતીલાલ કુબાવત | શાપર-વેરાવળ | ૪૫૬ | રૂા. ૨૫૦૦/- | ૬૮૭૮ |
| (૫) | નિરવભાઈ નરભેરામ નિમાવત | મોરબી | ૪૫૭ | રૂા. ૨૫૦૦/- | ૬૧૨૪ |
| (૬) | ડૉ.મામિકભાઈ દિનેશભાઈ કુબાવત | મેદરડા | ૪૫૮ | રૂા. ૨૫૦૦/- | ૬૮૩૮ |
| (૭) | અર્જુનભાઈ નરસંગદાસ રામાનુજ | ધોલેરા | ૪૬૫ | રૂા. ૨૫૦૦/- | ૭૧૩૪ |
| (૮) | હિતેષભાઈ વી. નિમ્બાર્ક | રાજકોટ | ૪૬૯ | રૂા. ૨૫૦૦/- | ૭૧૩૨ |
| (૯) | બજરંગભાઈ નટુભાઈ સાધુ | ચરલ | ૪૮૨ | રૂા. ૨૫૦૦/- | ૭૨૬૭ |
| (૧૦) | ગજેન્દ્રભાઈ આર. અગ્રાવત | જામનગર | | રૂા. ૨૫૦૦/- | ૭૩૧૦ |
| (૧૧) | નર્મતાબેન જયંતિલાલ નિમાવત | રાજકોટ | | રૂા. ૨૫૦૦/- | ૭૪૫૪ |
| (૧૨) | દુષ્યંતકુમાર પ્રવિણચંદ્રભાઈ નિમ્બાર્ક | જૂનાગઢ | | રૂા. ૨૫૦૦/- | ૭૪૬૭ |
| (૧૩) | જયરાશભાઈ જે. વૈષ્ણવ | રાજકોટ | | રૂા. ૨૫૦૦/- | ૭૪૭૪ |
| (૧૪) | અમિતાબેન એ. દેવમુરારી (બાવનીયા) | પડધરી | | રૂા. ૨૫૦૦/- | ૭૪૭૫ |
| (૧૫) | ધર્મેન્દ્રભાઈ જે. અગ્રાવત | અમરેલી | | રૂા. ૨૫૦૦/- | ૭૩૫૫ |
| (૧૬) | હરસુખભાઈ રામદાસજી અગ્રાવત | અજાલ | | રૂા. ૨૫૦૦/- | ૯૩૯૨ |

## " રામભક્ત મુખપત્ર "

### માહે ફેબ્રુઆરી-૨૫ના પરત આવેલા અંકો

| નં. | નામ | ગામ | સ્કીમ | ગ્રાહક નં. |
|---|---|---|---|---|
| (૧) | ધર્મેશકુમાર અંબારામ લશ્કરી | જુનાગઢ, જોષીપુરા | મુદ્દતી | ૮૭ |
| (૨) | કીર્તીકુમાર હરિપ્રસાદજી ટીબાવત | ઉપલેટા | આજીવન | ૨૬૩૪ |
| (૩) | ગોવિંદરામ બાવનદાસજી નિમાવત | સરકારી પીપળીયા | આજીવન | ૨૬૭૫ |
| (૪) | કનુભાઈ હિંમતરામ લશ્કરી | વિસનગર | આજીવન | ૨૭૨૧ |
| (૫) | ભરતદાસ કાનદાસ હડીનારાયણ | ભાવનગર | આજીવન | ૨૯૧૬ |
| (૬) | ડો.અમૃતલાલ એમ. નિમાવત | વેરાવળ | આજીવન | ૯૬૮ |
| (૭) | ધરમદાસ વિઠ્ઠલદાસ કિબજી | વેરાવળ | આજીવન | ૨૪૭૭ |
| (૮) | નવલરામ આર. અગ્રાવત | રાજકોટ | આજીવન | ૨૧૩૦ |
| (૯) | મોહિતભાઈ ટીબાવત | રાજકોટ | વાર્ષિક સપ્ટે. સુધી કુરીયર | - |
| (૧૦) | રૂપદાસ પ્રભુદાસ સાધુ | ગળપાદર, કચ્છ | આજીવન | ૨૭૭૦ |
| (૧૧) | પ્રદીપભાઈ ટી. દેવમુરારી | જુનાગઢ | આજીવન | ૧૧૦૧ |
| (૧૨) | કમલેશભાઈ નિમાવત | ગડુશેરબાગ | મુદ્દતી | ૨૫૧ |
| (૧૩) | અમુભાઈ બંસીભાઈ દેવમુરારી | અમરેલી | આજીવન | ૨૭૯૨ |
| (૧૪) | ઘનશ્યામભાઈ એ. ટીબાવત | અમરેલી | આજીવન | ૧૯૫૭ |
| (૧૫) | રમેશભાઈ બી. નિમાવત | મુંબઈ | આજીવન | ૨૨૦૦ |
| (૧૬) | પકંજભાઈ નરશીભાઈ નિમાવત | મેદરડા | મુદ્દતી | ૨૪૬ |
| (૧૭) | પ્રભુદાસ કલ્યાણદાસ દેવમુરારી | અમદાવાદ | આજીવન | ૪૫ |
| (૧૮) | રતીલાલ નરભેરામ નિરંજની | છાયા પોરબંદર | મુદ્દતી | ૩૩ |



પ્રાથનાની ખુબી એ છે કે તે બધા પ્રલોભનો પર વિજય અપાવે છે.

| | | | | |
|---|---|---|---|---|
| (૧૯) | તુષારભાઈ જે. અગ્રાવત | જામ જોધપુર | મુદ્તી | ૩૮૮ |
| (૨૦) | વિશ્નુપ્રસાદ રામાનુજ | ભાવનગર | આજીવન | ૫૭૪ |
| (૨૧) | રસીકભાઈ દલપતરામ ટીબાવત | રાજકોટ | આજીવન | ૨૨૪૭ |
| (૨૨) | જયેશકુમાર એન. વિષ્ણુસ્વામી | અમદાવાદ | આજીવન | ૨૬૮૦ |
| (૨૩) | સુભાષભાઈ ગુલાબદાસ અગ્રાવત | ઉપલેટા | આજીવન | ૨૫૦૨ |
| (૨૪) | કમલેશભાઈ ચુનિલાલ નિમાવત | રાજકોટ | મુદ્તી | ૩૫૩ |
| (૨૫) | પ્રદિપભાઈ દેવમુરારી | ધિચડા | મુદ્તી | ૩૨૮ |




## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા




### પ્રવેશ જાહેરાત - સને ૨૦૨૫-૨૬ વર્ષ - ૩૬મું

**(૧) બહેનોને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.**
**(૨) પ્રવેશ ફોર્મ જુના અને નવા બધાજ બહેનોને ભરીને તા.૩૦/૦૫/૨૦૨૫ સુધીમાં સંસ્થાએ પહોચતા કરવાના રહેશે.**
**(૩) પ્રવેશ મેળવવા પ્રવેશ ફોર્મ રૂા.૨૫ ભરીને પ્રવેશ મેળવી લેવાનો રહેશે.**
**(૪) સ્કુલ કોલેજના એડમીશન વાલીએ જાતે મેળવી લેવાનો રહેશે.**
**(૫) સ્કુલ કોલેજનું એડમીશન મળ્યા પછી છાત્રાલયનું એડ્મીશન મેળવી લેવાનું રહેશે.**
**(૬) છાત્રાલય બહાર ટ્યુશનમાં જવા દેવામાં આવશે નહી. અનિવાર્યે વાલીની સંમતિથી બહાર જઈ શકાશે.**
**(૭) શાળા કોલેજ અને છાત્રાલય સવારના ૮ થી ૧૧ કલાક સુધી વેકેશન દરમ્યાન ખુલ્લા રહેશે વેકેશન દરમ્યાન પ્રવેશ કાર્ય પૂર્ણ કરી લેવું જરૂરી.**
**(૮) નાપાસ/રીપીટરને પ્રવેશ આપવામાં આવતો નથી**

**સંસ્થામાં મોબાઈલ રાખી શકાશે નહિં.**

**- સંચાલન સમિતી -**

**શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય - સાવરકુંડલા**
**સંસ્થા ફોન નં :- ૦૨૮૪૫-૨૯૯૩૦૦, મો.નં.૬૩૫૩૮૯૦૧૯૬, ૯૪૦૯૮૫૧૨૫૧**

---

શ્રી ગુજરાત રામાનંદી સાધુ સમાજ ઉત્કર્ષ મંડળ સંચાલિત

## શ્રી બજરંગદાસ બાપા રામાનંદ ગુરૂકુળ કન્યા છાત્રાલય સાવરકુંડલા કાર્યાલય

**જરૂરી સુચના આટલું જરૂર ધ્યાન દઈને વાંચો. ● રામભક્ત મુખપત્ર માટે જરૂરી સુચનો.**

(૧) રામભક્તનું વાર્ષિક લવાજમ રૂા.૩૦૦ પોસ્ટથી મોકલવામાં આવશે.
(૨) રામભક્ત વાર્ષિક લવાજમ રૂા.૩૦૦+૨૦૦ કુરીયર ચાર્જ = ૫૦૦ કુરીયરથી મોકલવામાં આવશે.
(૩) રામભક્ત મુદતી લવાજમ ૧૦ વર્ષ માટે રૂા.૨૫૦૦।- પોસ્ટથી મોકલવામાં આવશે, કુરીયરથી મંગાવનારે રૂા.૨૦૦।- પ્રતિવર્ષના કુરીયર ચાર્જના ભરવાના રહેશે, દસવર્ષ પુરા થયે ફરીથી લવાજમ ભરવાનું રહેશે.

આજીવન લવાજમ લેવાનું ૧૫ જુન ૨૦૧૫ થી બંધ કરેલ છે.

**આજીવન ગ્રાહકની હૈયાતી ન હોય તો સ્વેછાએ તેમના વારસદારે કાર્યાલયે જાણ કરીને ફરીથી લવાજમ ભરવાનું રહેશે.**

**રામભક્ત પ્રિન્ટીંગ ભાવ**

**મલ્ટીકલર એક પેઈઝના રૂા.૩૦૦૦/- અધપેઈઝના રૂા.૧૫૦૦/- પા પેઈઝના રૂા.૮૦૦/-**
**બ્લેક કલર એક પેઈઝના રૂા.૧૦૦૦/- અધપેઈઝના રૂા.૫૦૦/- પા પેઈઝના રૂા.૨૫૦/-**

**છાત્રાલય માટેના દાનની સુચના છાત્રાલયની કાયમી નિભાવફંડ યોજના અંતર્ગત તિથીદાન માટે**

**કાયમી મિષ્ટભોજન તિથીના રૂા.૧૫,૧૧૧/- ● સાદા ભોજન તિથીના રૂા.૨૧૦૦/-**



પોતાનું કામ નિષ્ઠાપુર્વક પ્રિતિથી કરવું એ પણ પ્રભુની પ્રાથના છે.

## રામાનંદી કુમાર છાત્રાલય ભાવનગર સને ૨૦૨૫-૨૬ વર્ષ પ્રવેશ જાહેરાત

(૧) રામાનંદી કુમાર છાત્રાલય નવા સત્રમાં વિદ્યાર્થી ભાઈઓને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
(૨) પ્રવેશફોર્મ જુના અને નવા વિદ્યાર્થી ભાઈઓને ફોર્મ ભરી તા.૩૧-૦૫-૨૦૨૫ સુધીમાં રામાનંદી કુમાર છાત્રાલય ભાવનગર પહોંચાડવાના રહેશે.
(૩) સ્કૂલ કોલેજનું એડમીશન વાલીએ જાતે મેળવી લેવાનું રહેશે.
(૪) સ્કૂલ કોલેજનું એડમીશન મળ્યા પછી રૂા.૩૦૦૦/- સત્ર ફી અને રૂા.૭૦૦૦/- ભોજન ફી ભરી છાત્રાલયમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
(૫) નવા વિદ્યાર્થી ભાઈઓએ અન્ય ફી સિવાયના ડિપોઝીટ પેટે રૂા.૨૦૦૦/- ભરવાના રહેશે.
(૬) છાત્રાલય બહાર ટ્યુશનમાં જવા દેવામાં આવશે નહીં. અનિવાર્ય વાલીની સંમતિથી જઈ શકશે.
(૭) રામાનંદી કુમાર છાત્રાલય ભાવનગરમાં સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાક સુધી વેકેશન દરમ્યાન ખુલ્લું રહેશે.
(૮) વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા તથા ફી ભરવા માટે મો.૯૪૨૭૩ ૪૧૮૩૭ ઉપર ફોન કરી આવવું.
(૯) વિદ્યાર્થીએ વેકેશન દરમ્યાન પ્રવેશકાર્ય પૂર્ણ કરી લેવાનું રહેશે.

**શ્રી સૌરાષ્ટ્ર ગુજરાત બ્રાહ્મણ છાત્રાલય ટ્રસ્ટ, ભાવનગર(રામાનંદી કુમાર છાત્રાલય, ભાવનગર)**

નવા સિંધુનગર, પ્લોટ નં.૨૦૮૨/બી-૨, ભાવનગર

શ્રી દિપકભાઈ બી. લશ્કરી પ્રમુખશ્રી મો.૯૩૭૪૧ ૭૮૮૧૯
શ્રી જીતેન્દ્રભાઈ જે. કુબાવત મો.૯૪૨૭૩ ૪૧૮૩૭

---

**શ્રી વૈદેહી રામાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર સંચાલિત**
**શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ નિમાવત (લંડન, યુ.કે.) રામાનંદી કન્યા છાત્રાલય**

## પ્રવેશ જાહેરાત

જુન ૨૦૨૫ થી શરૂ થતાં શૈક્ષણિક સત્ર માટે જેઓ મેડીકલ, સાયન્સ, કોમર્સ, એન્જીનીયરીંગ તેમજ ધો.૧૧/૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે અને જેઓ કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક છે તેઓ વિદ્યાર્થીનીઓને તા.૩૧-૦૫-૨૦૨૫ સુધીમાં પ્રવેશફોર્મ જરૂરી આધાર પુરાવા સાથે સંપૂર્ણપણે ભરીને છાત્રાલયના નીચે મુજબના સરનામે રુબરુ કે પોસ્ટ દ્વારા પહોંચતુ કરી આપવું. છાત્રાલયમાં દાખલ થનાર માટે એક સત્રની રહેવા-જમવાની ફી રૂા.૫૫૦૦/- રહેશે. કોલેજ/સ્કુલના એડમીશન થયા પછી જ ફોર્મ ભરી શકાશે.

ખાસ નોંધ : સ્કુલ/કોલેજ સિવાય અન્ય જગ્યાએ ટ્યુશનમાં જવા માટે વાલીની લેખિત સંમતિ અનિવાર્ય રહેશે.

**:: સરનામું ::**

**પ્લોટ નં.સી-૨૭૭૩/એ, મોમાઈ ચોક,**
**વિરાણી સર્કલથી આગળ, કાળીયાબીડ, ભાવનગર**

મો.૯૪૨૬૩ ૧૬૩૯૮ (ડો.હર્ષદભાઈ અગ્રાવત)

મો.૯૮૨૫૮ ૩૪૬૮૦ (શ્રી મંછારામભાઈ લશ્કરી)

વિશેષ જાણકારી ઉપરના મોબાઈલ નંબર પર ફોન કરી મેળવી શકાશે



ભય માણસને દબાવે છે, પણ પ્રેમ માણસને ઉઘાડે છે.

# નવનીર્મિત રામાનંદી કન્યા છાત્રાલય-ભાવનગરમાં સત્યનારાયણ ભગવાનની કથા ત્થા વિષ્ણુભગવાન સહસ્ત્રનામ પાઠ





શ્રી રાઘવેન્દ્ર સરકાર, રામચંદ્રજી ભગવાન અને ભુરખીયાદાદાના આર્શીવાદથી તા.૧૬-૦૨-૨૦૨૫ના રોજ શ્રી વૈદેહી રામાનંદી ચેરીટેબલ ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ નિમાવત (લંડન, યુ.કે.)શ્રી રામાનંદી કન્યા છાત્રાલયનું કામ પરિપૂર્ણ થયેલ છે. જૂન ૨૦૨૫થી શરૂ થતા શૈક્ષણિક સત્રથી છાત્રાલય શરૂ થશે.

